જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૮/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૫૫૪/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૮૭ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૫૫/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

<u>લુંટ:-</u> <u>સમાચાર યાદી નં.૧૫૫૬/૧૭</u>

**સરદારનગર :** ચાડુંમલ ઉદારામ પાલદાસાણી (રહે.આંબાવાડી સરદારનગર) એ તા.૩૧/૭/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૭/૧૭ રાતના ૮/૩૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન દિલ્લી દરવાજાથી ચાડુંમલની રીક્ષામાં પેસેન્જર તરીકે બેસેલ અજાણ્યા પુરુષે કેમ્પ સદર પાસે કોલ્ડ્રીંકમાં કોઇ કેફી પીણુ મીલાવી ચાડુંમલને પીવડાવી બેભાન કરી, તેમની ઓટોરિક્ષા નંબર જીજે.૦૧.ટી.એ.૭૭૨૨ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- તેમજ ચાડુંમલ પાસેની થેલીમાં રાખેલ રોકડ રૂપિયા ૨,૫૦૦/- તથા એક મોબાઇલ કિંમત રૂપિયા ૫૦૦/- મળી કુલ રૂપિયા ૭૩,૦૦૦/- મતાની લુંટ કરી પલાયન થઈ ગયો છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી પી.જે.ખરસાણ ચલાવે છે.

<u>કરંટ લાગતાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૧૫૫૭/૧૭</u>

**વટવા :** સુખદેવભાઇ રામદરસ બિંદ (ઉ.વ.૨૪)(રહે, ગામ-પૌવત તા.-દારા જી-રોહતાજ, બિહાર) તા.૩૧/૭/૧૭ સાંજનાં ૪/૩૦ વાગ્યાના સુમારે વટવા રેલ્વે ફાટકની બાજુમાં, સર્જન ઇંડસ્ટ્રીયલ પાર્ક એસ્ટેટમાં આવેલ એસ.એંટરપ્રાઇઝર નામના પી.વી.સી. પાઇપના કારખાનામાં કામ કરતી વખતે મશીનની ડાઇ ખોલતાં, કરંટ લાગતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.